ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા. ૦૭.૦૪.૨૦૧૯

-----------

**વડનગરના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગત ૨૦૧૪ની ચૂંટણીમાં કહ્યું હતુ કે, હું એક ગરીબ ચા વાળો હતો. હું પ્રધાનમંત્રી નહી પરંતુ પ્રધાનસેવક બનીને દેશની સેવા કરીશ - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**દેશની જનતાએ ''અબકી બાર મોદી સરકાર''નું મન બનાવી લીધુ છે. કોંગ્રેસ અને ગઠબંધનમાં લાલુ, મુલાયમ, માયાવતી, મમતા અને રાહુલબાબા એમ બધાને વડાપ્રધાન બનવું છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસના રાજમાં ગરીબીની સાથે મોંઘવારી પણ વધી હતી. દાળના ભાવ ૧૫૦ રૂપીયે કિલો થયા હતા, ગરીબોની થાળીમાંથી દાળ અદ્રશ્ય થઇ ગઇ હતી - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

આજરોજ મહેસાણાના વડનગર ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રદેશ અગ્રણીશ્રીઓ, મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જીલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, પૂર્વ મંત્રીશ્રીઓ, મહેસાણાના લોકસભાના ભાજપાના ઉમેદવાર શ્રીમતી શારદાબેન પટેલ અને ઉંઝા વિધાનસભાના ઉમેદવાર શ્રીમતી આશાબેન પટેલ તેમજ હજારોની જનસંખ્યાની ઉપસ્થિતિમાં જનસભાને સંબોધન કર્યુ હતુ.

વડનગરની ભૂમિ એ શ્રી નરેન્દ્રભાઇ મોદીની જન્મભૂમિ છે. ચૂંટણી પ્રચાર દરમ્યાન મને તેમની ભૂમિમાં આવવાની તક મળી તેનો મને આનંદ છે. વડનગરના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગત ૨૦૧૪ની ચૂંટણીમાં કહ્યું હતુ કે, હું એક ગરીબ ચા વાળો હતો. હું પ્રધાનમંત્રી નહી પરંતુ પ્રધાનસેવક બનીને દેશની સેવા કરીશ. કોંગ્રેસે કહ્યું કે, આ ચા વાળો દેશનું ભલુ કરશે ? ત્યારે સમગ્ર દેશના ચા વાળાઓએ બોલી ઉઠ્યા હતા કે અમે તો ચા વેચીએ છીએ, તમારી જેમ દેશ નથી વેચતા. એક તરફ ''ખાતો નથી અને ખાવા દેતો નથી'' એવું કહીને દિલ્હીમાંથી વચેટીયાઓનો સફાયો કરી પ્રમાણિકતાથી દેશ ચલાવનારા છે તો બીજી તરફ કોંગ્રેસના લોકો હવામાંથી પૈસા ખાઇ ગયા, કોલસાની દલાલીમાંથી પૈસા ખાઇ ગયા, મિશેલ ક્રિશ્યને આર.જી. અને એ.પી.ના નામો આપી લોકોને ચોંકાવી દીધા છે. કોંગ્રેસને રોબર્ટ વાડ્રાની ચિંતા છે જ્યારે શ્રી નરેન્દ્રભાઇને ગરીબો સીવાય કોઇની ચિંતા નથી.

આ લડાઇ રાજકિય સ્થીરતા અને અસ્થીરતાની છે, હું ગઠબંધનને કહું છું કે, તમે તમારો વડાપ્રધાન જાહેર કરો. અમારે જણાવવાનું રહેતું જ નથી કારણ કે, દેશની જનતાએ ''અબકી બાર મોદી સરકાર''નું મન બનાવી લીધુ છે. તમારામાં લાલુ, મુલાયમ, માયાવતી, મમતા, રાહુલબાબા બધાને વડાપ્રધાન બનવું છે, ઉત્તરપ્રદેશમાં માયાવતીને મારી નાખવા માટે સમાજવાદી પાર્ટીના લોકો એની પાછળ પડી ગયા હતા. તેવા લોકો આજે પોતાનું અસ્તિત્વ બચાવવા એકબીજા સાથે હાથ મીલાવી રહ્યા છે. આ શંભુમેળો હશે તો રોજ ઝગડા અને અસ્થિરતા ઉભી થશે. ભાજપા દેશની ૧૨૫ કરોડની જનતાને સમાન હક્ક-અધિકાર આપવા કટિબધ્ધ છે. કોંગ્રેસ વોટબેંકની રાજનીતિ ખેલી કેરળમાં આતંકવાદી મદનીના પોસ્ટરો છાપી મુસ્લીમ મતો મેળવવા માટે ઘાંઘી બની છે.

કોંગ્રેસના રાજમાં ગરીબીની સાથે મોંઘવારી પણ વધી હતી. દાળના ભાવ ૧૫૦ રૂપીયે કિલો થયા હતા, ગરીબોની થાળીમાંથી રોટલી સાથે ખાવા માટે દાળ પણ અદ્રશ્ય થઇ ગઇ હતી. કોંગ્રેસ માત્ર વાયદા કરે છે જ્યારે અમે યોજનાઓ બનાવી અમલમાં મૂકીએ છીએ. ભાજપા ''અયોધ્યામાં રામ, યુવાનોને કામ, કિસાનોને સહી દામ, હટાદો ભ્રષ્ટાચાર'' ના સુત્ર સાથે આગળ વધી રહી છે.

કમળ એ લક્ષ્મીજીનું પ્રતિક છે, આપણે નારીશક્તિને દેવીરૂપ ગણીએ છીએ, અત્યારે ભાજપામાં શારદાબેન અને આશાબેન એ નારી શક્તિ સમાન છે. તારીખ ૨૩ના રોજ કમળનું બટન દબાવીને આ નારીશક્તિને જંગી બહુમતીથી જીતાડીને ભાજપાને વિજયી બનાવીએ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૬ તા. ૦૭.૦૪.૨૦૧૯

-----------

**ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ સુરત લોકસભા બેઠકના ઉમેદવાર શ્રીમતી દર્શનાબેન જરદોશના સમર્થનમાં વિવિધ સમાજના આગેવાનો અને વિવિધ વેપાર મંડળના અગ્રણીઓની યોજાયેલ બેઠકમાં સંબોધન કર્યું.**

-----------

ભાજપા મીડિયા વિભાગની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ સુરત લોકસભા બેઠકના કતારગામ વિસ્તારના મૂર્તિબાગ, સ્વામીનારાયણ મંદિર પાસેના વિસ્તારમાં વિવિધ વ્યવસાયો સાથે જોડાયેલા વેપારી મંડળના અગ્રણીઓ, ટેક્ષટાઇલ ઉદ્યોગ તથા હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ અગ્રણીઓ તેમજ વિવિધ સમાજના આગેવાનો સાથેની યોજાયેલ બેઠકમાં  સરકારશ્રીની ઔદ્યોગીકલક્ષી યોજનાઓનું માર્ગદર્શન આપ્યું તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી.

"મારૂ ઘર, ભાજપાનું ઘર" અભિયાન અંતર્ગત પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ સુરત ઉત્તર વિધાનસભા ક્ષેત્રના હરીદર્શન સોસાયટી, ડાયમંડનગર તેમજ પુના કેનાલ રોડ જેવા વિવિધ વિસ્તારોમાં લોકસંપર્ક કરી કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી લોકો સાથે સીધો સંવાદ કર્યો હતો.

આ લોકસંપર્ક દરમ્યાન ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી સાથે સુરત લોકસભા બેઠકના ઉમેદવાર શ્રીમતી દર્શનાબેન જરદોશ તેમજ સુરત જિલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મેયરશ્રી તેમજ પૂર્વ ધારાસભ્યશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ, ઉદ્યોગપતિઓ તથા વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૭ તા. ૦૭.૦૪.૨૦૧૯

-----------

**દેશવિરોધી કોંગ્રેસ પાર્ટીને "ભારતમાતા કી જય" અને "વંદે માતરમ્" બોલવામાં વાંધો પડે છે.**
**કોંગ્રેસ પાર્ટી આતંકવાદી હુમલાને અકસ્માત ગણાવી દેશની રક્ષા કરતા શહીદ થયેલાં સૈનિકોનું ઘોર અપમાન કરે છે.**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ભૂતકાળની કોંગ્રેસની સરકારો જનતાની વચ્ચે જઇ જનતાના પ્રશ્નો સમજવામાં અને તેનો ઉકેલ લાવવામાં સદંતર નિષ્ફળ નીવડી હતી**

-----------

**ચૂંટણી ટાણે જ્ઞાતિ-જાતિ, ધર્મ-સંપ્રદાયના નામે લડાવવા નીકળેલી કોંગ્રેસ જનતા સમક્ષ ખુલ્લી પડી ગઈ છે.**

-----------

**આ લોકસભાની ચૂંટણી દેશ કોના હાથમાં સોંપવો? કોના હાથમાં દેશ સલામત? નવી પેઢીના સપનાનું ભારત કોણ બનાવશે? તે નક્કી કરવાની ચૂંટણી છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં "ભારત કહે અને દુનિયા કરે" તેવી સ્થિતિનું નિર્માણ થવાનું છે.**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ સુરત લોકસભા બેઠક પર આવતી ઓલપાડ અને કરંજ વિધાનસભા પર લોકસભા ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું તેમજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કર્યું હતું.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, દેશવિરોધી કોંગ્રેસ પાર્ટીને "ભારતમાતા કી જય" અને "વંદે માતરમ્" બોલવામાં વાંધો પડે છે. દેશના સૈનિકો આતંકવાદી હુમલામાં જ્યારે શહીદ થાય તો સૈનિકોને શહીદ કહેવામાં કોંગ્રેસને વાંધો પડે છે. કોંગ્રેસ પાર્ટી આતંકવાદી હુમલાને અકસ્માત ગણાવી દેશની રક્ષા કરતા શહીદ થયેલાં સૈનિકોનું ઘોર અપમાન કરે છે. કોંગ્રેસના નેતાઓ ભારતમાં રહીને પાકિસ્તાનની ભાષા બોલે છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ભાજપાનો કાર્યકર સરકાર અને જનતા વચ્ચેનો સેતુ છે. સરકાર દ્વારા કરાયેલ વિકાસલક્ષી કાર્યોની માહિતી કાર્યકર્તા જ જનતા સુધી પહોંચાડે છે. કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમના કારણે જ સરકારો બને છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનું સંગઠન ફક્ત ચૂંટણી વખતે જ નહીં પરંતુ સતત પ્રજાની સમસ્યાઓ અને મુશ્કેલીઓ સાંભળી સંવેદનાથી તેનો ઉકેલ લાવવાના પ્રયત્ન કરે છે. ભૂતકાળની કોંગ્રેસની સરકારો જનતાની વચ્ચે જઇ જનતાના પ્રશ્નો સમજવામાં અને તેનો ઉકેલ લાવવામાં સદંતર નિષ્ફળ નીવડી હતી.

ચૂંટણી ટાણે જ્ઞાતિ-જાતિ, ધર્મ-સંપ્રદાયના નામે લડાવવા નીકળેલી કોંગ્રેસ જનતા સમક્ષ ખુલ્લી પડી ગઈ છે, જ્યારે બીજી તરફ ભાજપા "સૌના સાથ સૌના વિકાસ"ના મંત્ર સાથે દરેકને સાથે લઈને ચાલે છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના રોમરોમમાં માં ભારતી છે જ્યારે કોંગ્રેસના રોમરોમમાં રોમ અને ઈટલી છે.

કોંગ્રેસના રાજમાં રાજ્યના મોટા શહેરોમાં અસામાજિક તત્વોનો આતંક હતો, કોંગ્રેસ કાયદો-વ્યવસ્થા સાચવવામાં સંપૂર્ણ પડે નિષ્ફળ રહી હતી. જ્યારે ભાજપાના રાજમાં ગુજરાત કરફ્યૂમુક્ત બન્યું છે. ૫૫ વર્ષો સુધી ગામડાઓમાં પાણીના પહોંચાડી ન શકનાર કોંગ્રેસ આજે ભાજપાને પ્રશ્ન પૂછવા નીકળી છે.

આ લોકસભાની ચૂંટણી દેશ કોના હાથમાં સોંપવો? કોના હાથમાં દેશ સલામત? નવી પેઢીના સપનાનું ભારત કોણ બનાવશે? તે નક્કી કરવાની ચૂંટણી છે. જેમનો પરિવાર સામાન્ય નાગરિકની જેમ જીવન ગુજારતો હોય તેવા શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઈમાનદારી ઉપર શંકા કરીને કોંગ્રેસ અભદ્ર ભાષાનો ઉપયોગ કરે છે. દેશની જનતા કોંગ્રેસને ક્યારેય માફ નહીં કરે

આગામી સમયમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં "ભારત કહે અને દુનિયા કરે" તેવી સ્થિતિનું નિર્માણ થવાનું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની સંસ્કૃતિને વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડી છે. ૨૩ એપ્રિલે કમળના નિશાન પર બટન દબાવીને કોંગ્રેસને ગુજરાતમાંથી તમામ ૨૬ લોકસભા બેઠક પર સાફ કરી દેવાની શ્રી વાઘાણીએ હાકલ કરી હતી

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૮ તા. ૦૭.૦૪.૨૦૧૯

-----------

**આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે બાપુનગર ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પરના ભાજપાના ઉમેદવાર શ્રી એચ.એસ પટેલના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ.**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે બાપુનગર ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પરના ભાજપાના ઉમેદવાર શ્રી એચ.એસ પટેલના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ઉપસ્થિત જનમેદનીને સંબોધન કર્યું હતું.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહજી જાડેજા, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીશ્રીઓ, મેયર શ્રીમતી બીજલબેન પટેલ, હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ તથા સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૯ તા. ૦૭.૦૪.૨૦૧૯

-----------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૦૮.૦૪.૨૦૧૯ના રોજ પ્રભારીશ્રી ઓમ માથુરજી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રિયમંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ સંગઠન મંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

## ગુજરાતના પ્રભારી શ્રી ઓમ માથુરજી અને પ્રદેશ સંગઠન મંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૮.૦૪.૨૦૧૯ | સવારે ૧૦.૦૦ કલાકે | **દાહોદ લોકસભા સીટ** કાર્યકર્તાઓ સાથે બેઠક |
| | બપોરે ૦૧.૦૦ કલાકે | **પંચમહાલ લોકસભા સીટ**<br>કાર્યકર્તાઓ સાથે બેઠક |
| | બપોરે ૦૩.૩૦ કલાકે | **છોટાઉદેપુર લોકસભા સીટ**<br>કાર્યકર્તાઓ સાથે બેઠક |

## ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૮.૦૪.૦૨૧૯ | સાંજે ૦૪.૩૦ કલાકે | **વડોદરા લોકસભા સીટ** કાર્યકર્તા સંમેલન, જારોદ |

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૮.૦૪.૦૨૦૧૯ | સાંજે ૦૪.૩૦ કલાકે | **આણંદ લોકસભા સીટ**<br>પામોલ ખાતે જાહેર સભા<br>સ્થળ – મુ. પો. પામોલ, જિ. આણંદ |
| | સાંજે ૦૬.૩૦ કલાકે | ઉમરેઠ ખાતે જાહેર સભા<br>સ્થળ – એસ.એન.ડી.ટી. હાઇસ્કુલ મેદાન, મુ. પો. ઉમરેઠ, જિ.આણંદ |
| | સાંજે ૦૭.૩૦ કલાકે | **વડોદરા લોકસભા સીટ**<br>સાવલી ખાતે જાહેર સભા<br>સ્થળ- અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ, મુ. પો. સાવલી, જિ. વડોદરા. |

## કેન્દ્રિયમંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૮.૦૪.૨૦૧૯ | બપોરે ૦૩.૩૦ કલાકે | **કચ્છ લોકસભા સીટ**<br>ગઢશીસા ખાતે જાહેર સભા, સ્થળ- વત્થન ચોક, મુખ્ય બજાર, મુ. પો. ગઢશીશા, જિ. કચ્છ. |
| | સાંજે ૦૬.૦૦ કલાકે | નખત્રાણા ખાતે જાહેર સભા **સ્થળ-મનજીબાપાનો વરંડો**, મુ. પો. નખત્રાણા, જિ. કચ્છ |
| | સાંજે ૦૭.૩૦ કલાકે | માનકુવા ખાતે જાહેર સભા **સ્થળ-હનુમાનજી મંદિર**, મુ. પો. માનકુવા, જિ. કચ્છ. |

## શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૮.૦૪.૨૦૧૯ | સવારે ૧૦.૩૦ કલાકે | **છોટાઉદેપુર લોકસભા સીટ**<br>કાર્યકર્તાઓ સાથે બેઠક<br>**સ્થળ –** દિનુમામા પાર્ટી પ્લોટ,વેસ્ટર્ન સીરામીક સામે, પાદરા જંબુસર રોડ, પાદરા |

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ